**-:: પ્રેસનોટ ::-**

**તા.૧૯/૦૫/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.

- **અઠવાઝોન**

૧) આશિર્વાદ નગર ૨) સોહમ સર્કલ પાસે રેનબસેરા કોરન્ટાઇન વોર્ડ ૩) સુમન સેલ ૪) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૧૯ આઈસોલેશન વોડ ૫) પીજી હોસ્ટેલ ૭) ગર્લ્સ હોસ્ટેલ ૮) સમરસ હોસ્ટેલ

- **સેન્ટ્રલ ઝોન**

૧) જ્ઞાનનગર,કરવાવાડ,નાનપુરા ૨) બહુમાળી બિલ્ડીગ ૩) તિરૂપતી પ્લાઝા ૪) પરબિયા મહોલ્લો ૫) મહાદેવની શેરી ૬) ખરાદી શેરી ઝાંપા બજાર ૭)ઈન્દ્રપુરા, સલાબતપુરા ૮) સગરામપુરા, ભંડારીવાડ ૯) સગરામપુરા મેઈન રોડ

- **રાંદેરઝોન**

૧) શુભ લક્ષ્મી હાઈટસ, અડાજણગામ ૨) પ્રવેગ રો હાઉસ એન્ડ એપાર્ટમેન્ટ, એલ પી સવાણી રોડ ૩) એકતાનગર ,એલ પી સવાણી રોડ ૪) ઈ ડબલ્યુ એસ આવાસ સરસ્વતી સ્કુલ ૫) સાઈટ એન્ડ સર્વિસ ઝુપડપટ્ટી ૬) ઈ ડબલ્યુ એસ આવાસ , સાઈટ એન્ડ સર્વિસ ઝુપડપટ્ટી ૭) ઈ ડબલ્યુ એસ આવાસ , ગંગાનગર સામે ૮) ગિરધારનગર, ઉગત ૯) ગણેશકૃપા સોસાયટી ,ઉગત ૧૦) પવિત્રા રેસીડન્સી ૧૧) અમીધારા વાડી ૧૨) પાલ હેલ્થ સેન્ટર મેઈન રોડ

- **કતારગામ ઝોન**

૧) જનતાનગર ૨) ગાયત્રી સોસીયટી વિભાગ –૫ ૩) વિશ્રામનગર ૪) કોસાડ આવાસ ૫) ત્રિવેણી સોસાયટી ૭) શિરડીધામ સોસાયટી ૮) અમરોલી આવાસ ૯) કોસાડ આવાસ ૧૦) રહેમતનગર

- **લીમ્બાયત ઝોન**

૧) એ પી એમ સી માર્કેટ , પરવત પાટીયા ૨) રાજીવનગર ૩) ગણપતનગર ૪) સોનીયાનગર ૫) ચિમનીટેકરા ૬) બેઠીકોલોની ૭) આસ્તિકનગર ૮) નુરાની મસ્જિદ મેઈનરોડ ૯) પ્રતાપનગર૧થી ૬ ૧૦) રૂસ્તમપાર્ક સોસાયટી ૧૧) હનુમાન શેરી ૧૨) નુરાની મસ્જિદ ૧૩) સુધારાશેરી ૧૪) મીઠી ખાડી ૧૫) ઈસ્લામીક ચોક ૧૬) ફુલવાડી ૧૭) ચંદ્રલોક સોસીયટી ૧૮) રિષીનગર નિલકંઠનગર, નવાગામ ,ડીંડોલી ૧૯) મોદી સ્ટ્રીટ ,નવાગામ ડીંડોલી ૨૦) આદર્શ નિવાસી સ્કુલ ૨૧) જયરાજનગર ,નવાગામ ડીંડોલી ૨૨) બિલિયાનગર ૨૩) સંજયનગર સ્લમ વિસ્તાર ૨૪) માનદરવાજા ટેનામેન્ટ ૨૫) બાલાજીનગર, ગોડાદરા ૨૬) ભંડારીવાડ ૨૭) આરડીનગર ૨૮)દળપતીવાસ ૨૯)મોદી શેરી ૩૦) અંબિકાનગર ૩૧) ગુરૂલક્ષ્મીનગર ૩૨) ડીંમયાનગર ૩૩) દેવધખાના પાસે ૩૪) કબુતર સર્કલ મેઈન રોડ ૩૫) ગોડાદરા ત્રણ રસ્તા આસપાસનો વિસ્તાર આશિર્વાદ ફ્લેટ ભાઠેના ૩૬) દ્વારકેશ નગર ૩૭) શાંતિદામ મંદીર ,ગોડાદરા ૩૮) કમરૂનગર ૩૯) આઝાદ નગર ૪૦) ૪૧) મીઠીખાડી પુલ અને આસપાસ નો વિસ્તાર ૪૨) ગરીબવાડ નવાઝ નગર ૪૩) ગોકુલનગર ,પરવતગામ કલપના રો હાઉસ ,ગોડાદરા ૪૪) સહજાનંદ સોસાયટી, આસપાસ ૪૫) શ્રી જી નગર –૨ ,ગોડાદરા

- **વરાછા ઝોન–એ**

૧) સપના સોસાયટી ૨) રામદેવનગર ૩) બોમ્બે કોલોની સ્લમ એરીયા ૪) ક્રિષ્ણાનગર ૫) દિનદયાલનગર ૬) શ્રી રામનગર ૭) મફતનગર ૮) મીરાનગર ૯) એકતાનગર ૧૦) એકતાનગર મેઈન રોડ ૧૧) સૌરાષ્ટ્ર સોસાયટી વિભાગ –૩ ૧૨) ઉગતનગર ૧૩) પીપી સવાણી કોમ્યુનીટી હોલ ૧૪) હરેક્રિષ્ણા એપાર્ટમેન્ટ ૧૫) રતનજી પાર્ક ૧૬) અશોકનગર મેઈન રોડ ૧૭) બજરંગકૃપા એપાર્ટમેન્ટ ૧૮) તુલસી દર્શન વિભાગ –૧ ૧૯) તુલસી દર્શન વિભાગ – ૨ ૨૦) અક્ષરધામ સોસાયટી ૨૧) શિવપ્લાઝા ૨૨)સિધ્ધી વિનાયક રેસીડન્સી ૨૩) યોગી ચોક થી સાવલિયા સર્કલ સુધીનો મેઈન રોડ ૨૪) સરથાણા યુનિટ ૨૫) રણછોડનગર ૨૬) એન.સી.ઠાકર સ્કુલ ૨૭) જીવનદીપ સોસાયટી ૨૮) સી એસ પાર્ક ૨૯) સ્મીમેર હોસ્પિટલ પીએમ સેન્ટર ૩૦) સ્મીમેર હોસ્પિટલ પાર્કિંગ એરીયા ૩૧) સરદાર પટેલ એપી એમસી માર્કેટ૩૨) ઉધરસ ભૈયાની ચાલ ૩૩) પાટી ચાલ સ્લમ એરીયા ૩૪) આંબાવાડી સ્લમ એરીયા ૩૫) ચોરસીયાની ચાલ , ગણેશનગર ૩૬) ટાંકલી ફળીયું ૩૭) સૌરભ એપાર્ટમેન્ટ ૩૮) મફતનગર ૩૯) સુમનસંગીન પ્રધાનમંત્રી આવાસ ૪૦) સ્વામીનારાયણ સોસાયટી વિભાગ –૨ ૪૧) મનમોહન સોસાયટી ૪૨) ત્રિકમનગર ૪૩) સીતારામ સોસાયટી –૧ ૪૪) પોલીસ લાઈન એલ એચ રોડ ૪૫) ઈ ડબલ્યુ એસ આવાસ

- **વરાછા ઝોન–બી**

૧) શિવનગર સ્લમ એરીયા ૨) શિવનગર મેઈન રોડ ૩) શંકરનગર સ્લમ એરીયા ૪) ઈશ્વરનગર સ્લમ એરીયા ૫) અભયધામ સોસાયટી ૬)મણીબાપાર્ક સોસાયટી ૭) વિક્રમનગર સોસાયટી–૩ ૮)લેન્ડમાર્ક ચેક પોસ્ટ

- **ઉધનાઝોન**

૧) આશિર્વાદ ટાઉનશીપ વિભાગ –૨ ૨) ગણપતનગર ૩) ઉધનાઝોન ૪) ભેસ્તાન આવાસ એચ –૧૫ ૫) ભેસ્તાન આવાસ – સી૧૦૦ ૬) ભેસ્તાન આવાસ એ–૫૦ અને એ –૪૨ ૭) રેહમતનગર ૦૮) હયાતનગર ૦૯) શિવાજીનગર ૧૦) શોએબનગર ,ઉન પાટીયા૧૧) પંચશીલનગર ૧૨) સત્યનારાયણનગર ૧૩) સંજયનગર

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર. (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ કવોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...

Scanned by TapScanner

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ( COVID-19)

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી ધ્વારા લોકડાઉન ૪.૦ માં કેટલીક છુટછાટો આપી વ્યાપાર ઉદ્યોગને શરૂ કરવાની પરવાનગી આપી છે. તે સંદર્ભે સુરત શહેરમાં કયા વિસ્તારમાં કયા કયા વ્યાપાર ઉદ્યોગો શરૂ કરી શકાશે તે માટે આજરોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહમાં માન. મેયર ડૉ. જગદીશ પટેલ અને માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં શહેરના હીરા ઉદ્યોગ અને ટેકસટાઈલ ઉદ્યોગના અગ્રણીઓ, વિવિંગ, પાવર લુમ્સ, રેસ્ટોરન્ટ વિગેરે વિવિધ વ્યવસાયના અગ્રણીઓ સાથે મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

માન. મેયર ડૉ. જગદીશ પટેલે ઉદ્યોગ જગતના આધાર સ્તંભ સમાન વિવિધ વ્યવસાયના અગ્રણીઓને જણાવ્યું હતું કે સુરત શહેરના ઈતિહાસમાં લોકડાઉનનો શબ્દ નવો ઉમેરાયો છે પ્લેગ એ ફકત સુરત શહેરની આફતનું એક પ્રકરણ છે પણ કોરોનાની મહામારીમાં સમગ્ર દેશ લોકડાઉનમાં છે ત્યારે ગુજરાત સરકારે વ્યાપાર ઉદ્યોગોને શરૂ કરવા માટે કેટલીક છૂટછાટો આપેલ છે. પરંતુ ફકત વ્યાપારનું જ ધ્યેય ન રાખી સુરત શહેર માટે જે શ્રેષ્ઠ હશે એ કરવું જરૂરી છે. સુરત મહાનગરપાલિકા અનેક પડકારો ઝીલીને સારી કામગીરી કરી રહી છે. આ મહામારીના સમય દરમ્યાન સુરત મહનગરપાલિકા ધ્વારા જરૂરિયાતમંદો, શ્રમિકો વિગેરેને ભોજન વ્યવસ્થા , પ્રિમોન્સુનની કામગીરી, અધુરા પ્રોજેકટ પૂર્ણ કરવાની જવાબદારી તથા હેલ્થકેરની શ્રેષ્ઠત્તમ સેવાઓનો પડકાર હોય કે પછી કોરોનાના સંક્રમિત દર્દીઓ માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે અદ્યતન સુવિધાયુકત વિવિધ કામગીરીઓ સંપન્ન કરી છે.

સુરત શહેરમાં કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે માન. મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાની ધ્વારા રાજય સરકારને કરવામાં આવેલ તટસ્થ રજૂઆતને પગલે સુરત શહેરમાં રીક્ષાઓ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ નથી.જે આવકારદાયક બાબત કહી શકાય.

માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે લોકડાઉન ૪.૦ એ છુટ નથી,પરતું રાજય સરકાર તરફથી આર્થિક ગતિવિધિઓને શરૂ કરવા માટે કેટલીક છૂટછાટો આપવામાં આવેલ છે. સુરત શહેરમાં શરૂ કરવામાં આવનાર ઉદ્યોગો માટે રાજય સરકારશ્રીની ગાઈડલાઈનનું ફરજિયાતપણે પાલન કરવામાં આવશે. જો SOP ની માર્ગદર્શિકાનું પાલન કરવામાં ન આવશે તો તેમની સામે કાયદાકીય પગલા લેવામાં આવશે.

→ શહેરના કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં કોઈપણ પ્રકારની પ્રવૃતિ ચાલુ કરી શકાશે નહી.

→ શહેરના કન્ટેઈનમેન્ટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં ઉદ્યોગો SOP માર્ગદર્શિકા મુજબ ફરજિયાત સોશિયલ ડિસ્ટન્સીગનું પાલન કરવું , માસ્ક પહેરવું, વારંવાર સાબુ અથવા સેનિટાઈઝરથી હાથ ધોવા.

→ ઉદ્યોગોમાં ૬૫ વર્ષથી વધુ વયના અને અલગ અલગ બિમારી હોય તેવા કામદારોને ફરજ પર બોલવવા નહી.

→ શહેરના ટેકસટાઈલ અને ડાયમંડ માર્કેટોને ૫૦% સ્ટાફની ક્ષમતા સાથે ઓડ–ઈવન (એકી –બેકી) સિસ્ટમ મુજબ શરૂ કરી શકાશે.

→ ૫૦ થી વધુ કામદારો હોય એ ઉદ્યોગોએ ફરજિયાત થર્મલ સ્ક્રીનીંગની વ્યવસ્થા કરવી.

→ તમામ કામદારો પાસે આરોગ્ય સેતુ એપ ફરજીયાત ડાઉનલોડ કરાવવી.

→ ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં આવેલ પ્રાઈવેટ ઓફિસો ૩૩% સ્ટાફ સાથે શરૂ કરી શકાશે.

→ સુરત શહેરમાં ૭૨ રેડ ઝોન છે તેમાં કોઈપણ વસ્તુ શરૂ કરી શકાશે નહી.

→ શહેરમાં ૧૦ ગ્રીન ઝોન અને ૧૯ ઓરેન્જ ઝોન છે આમ કુલ ૨૯ ઝોનમાં ઉદ્યોગો શરૂ કરી શકાશે.

→ ડાયમંડ, ટેકસટાઈલ અને પ્રાઈવેટ ઓફિસમાં કન્ટેઇનમેન્ટ વિસ્તારમાંથી કોઈપણ કામદાર ફરજ પર આવી શકશે નહીં કારણકે કન્ટેઇનમેન્ટ વિસ્તાર સંક્રમિત ઝોન છે.

→ ચા,પાણી અને અલ્પાહારમાં ડિસ્પોઝલ વસ્તુઓનો જ ઉપયોગ કરવો.

→ હીરાબજાર ખુલ્લામાં શરૂ થઈ શકશે નહીં, પરંતુ સોશિયલ ડિસ્ટન્સ જાળવી કોઈ દુકાનમાં આ કામગીરી શરૂ કરી શકાશે.

→ પ્રોસેસીગ યુનિટો રાત્રે ચાલુ રાખી શકાશે પરંતુ સાંજે ૭:૦૦ કલાક થી સવારના ૭:૦૦ કલાક સુધી કર્ફ્યુ નો અમલ ચાલુ રહેશે.

→ ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં ઉધોગો શરૂ કર્યાબાદ જો કોઈ ૧ પોઝિટિવ કેસ મળશે તો તે સ્થળ પર ડિસઈન્કેકશન અને સેનીટાઈઝ કરી સંપર્કમાં આવેલ વ્યકિતઓને કવોરોન્ટાઈન કરવામાં આવશે. અને ૧ કરતા વધારે પોઝિટિવ કેસ મળે તો સંપૂર્ણ ઉદ્યોગને સીલ કરવામાં આવશે.

→ સિટીબસ, બી.આર.ટી.એસ, પ્રાઈવેટ બસ, રીક્ષા , શોપીંગ મોલ્સ , સિંગલ સ્ક્રીન/ મલ્ટી પ્લેકસ સિનેમા , સ્પોર્ટસ કોમ્પલેક્ષ, જીમ, સ્વીમિંગ પૂલ, મ્યુઝિયમ,જાહેર બાગ–બગીચા, બીચ,ટુરીસ્ટ પોઈન્ટ સંપૂર્ણપણે બંધ રહેશે.

**સુરત શહેરમાં કન્ટેઈનમેન્ટ સિવાયના વિસ્તારમાં નીચે મુજબની પ્રવૃતિઓ શરૂ કરી શકાશે.**

- શાળા/કોલેજ કોચીંગ કલાસમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે પરંતુ વહીવટી કામગીરી માટે ચાલુ રાખી શકાશે.
- એસ.ટી. બસ સેવાઓ જરૂરિયાત મુજબ શરૂ કરી શકાશે.
- શોપીંગ કોમ્પલેક્ષ એ તમામ ઓડ–ઈવન (એકી–બેકી ) સિસ્ટમ મુજબ શરૂ કરી શકાશે.
- હેરકટીંગ સલુન/બ્યુટીપાર્લર શરૂ કરી તેમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરાવવું , માસ્ક પહેરવું, વારંવાર સેનિટાઈઝરથી હાથ ધોવા, તમામ સાધનોનો વારંવાર સેનિટાઈઝ કરી ઉપયોગ કરવા તથા અપોઈમેન્ટ મુજબ ગ્રાહકોને પ્રવેશ આપવાનો રહેશે.
- કેબ–ટેકસી સેવામાં ડ્રાઈવર સહિત ત્રણ વ્યકિતને જ અને ટુ વ્હીલરમાં એકજ વ્યકિતએ મુસાફરી કરવાની રહેશે.
- તમામ રીપેરીગ ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશન શરૂ કરી શકાશે.
- રેસ્ટોરન્ટ ફકત હોમ ડિલીવરી કરવા માટે જ ચાલુ રાખી શકાશે. હોમ ડિલીવરી કરવાની વસ્તુનું કવર સેનેટાઈઝ કરવાનું રહેશે.
- પાનની દુકાનોમાંથી ફકત ટેક અવે એટલે જે તે વસ્તુ ખરીદી કરીને લઈ જતા રહેવાનું રહેશે ત્યાં દુકાનો પર બિનજરૂરી ભીડ કે દુકાનો ખોલી અંદર બેસવાનું નથી.
- લગ્ન પ્રસંગમાં ૫૦ વ્યકિત અને અંતિમવિધિ પ્રસંગમાં ૨૦ વ્યકિત હાજર રહી શકશે.

આ મિટીગમાં સુરત સોરાષ્ટ્ર ટેકસટાઈલ એસોસીએશન, સુરત જવેલર્સ એસોસિએશન, સુરત ડાયમંડ બ્રોકર એસોસિએશન, શ્રી રામકૃષ્ણ એકસપોર્ટ, વીનસ જવેલર્સ, વેડરોડ ફેડરેશન, ચેમ્બર ઓફ કોમર્સ, ફોગવા, સી.એ.આઈ., એચ.ટી.ટી.એ., પાંડેસરા એસોસિએશન , મોબાઈલ ડીલર, ઓલ ઈન્ડિયા ડિસ્ટ્રીબ્યુશન એસોસિએશન,સધન ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ,સાઉથ ગુજરાત પ્લાસ્ટિક એસોસિએશન સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા તેઓએ સુરત મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી અને SOP માર્ગદર્શિકા મુજબ ઉદ્યોગો શરૂ કરવા તત્પરતા દર્શાવી છે.

**જનસંપર્ક વિભાગ,** સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૯૭
તા.૧૯/૦૫/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ( COVID-19)**

આજરોજ કતારગામ ઝોન વિસ્તારમાં વિઠ્ઠલભાઈ દુધાતનો પોઝિટિવ કેસ નોંધાયો છે. જે ડો. કિશોર દુધાતના પિતા છે. આમ પુત્ર ડોક્ટર હોવા છતાં પિતાને કોરોના વાયરસના સંક્રમણથી બચાવી શક્યા નથી અને તેમણે પિતાની કાળજી રાખી હોય તેવું જણાતું નથી. આથી સુરત મહાનગરપાલિકા વારંવાર અપીલ કરે છે કે મોટી વયના વ્યક્તિઓની વિશેષ કાળજી રાખો જેથી તમને કોરોના વાયરસના સંક્રમણથી બચાવી શકાય.

વધુમાં આજ રોજ કોરોના સંક્રમિત ક્રિષ્ના ગોવિંદ બિસોઈ, વર્ષ ૨૭નું સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયેલ છે. જેઓ આલ્કોહોલિક અને લીવર સિરોસિસની બિમારી થી પીડિત હતા.

**જનસંપર્ક વિભાગ,** સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૨૮
તા.૧૯/૦૫/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ કોરોના વાયરસનું સંક્રમણ ન ફેલાય અને તેને અટકાવવા તથા સુરક્ષાના ભાગરૂપે સેન્ટ્રલ ઝોનનાં નીચે જણાવ્યા મુજબના વિસ્તારો તેની સામે જણાવેલ તારીખોથી નોટીફિકેશન દ્વારા કલસ્ટર કન્ટેઈનમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. જેથી નીચે જણાવ્યા મુજબના સેન્ટ્રલ ઝોનના તમામ વિસ્તારો કલસ્ટર કન્ટેઈનમેન્ટ વિસ્તાર હોય તેમને લોકડાઉન ૪.૦ સંદર્ભની રાજય સરકારશ્રીની તમામ ગાઈડ લાઈન લાગુ પડશે. આ સિવાય અન્ય ઝોનમાં પણ વખતો વખત જે વિસ્તારને કલસ્ટર કન્ટેઈનમેન્ટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેને પણ રાજય સરકારશ્રીની તમામ ગાઈડ લાઈન લાગુ પડશે.

| ઝોન | નંબર | કલસ્ટરનું નામ | જાહેરનામાં ક્રમાંક |
|---|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | ૧ | નવસારી બજાર ચાર રસ્તા થી ડી.કે.એમ. સર્કલ થી ભાગળ ચારરસ્તા થઈ કાંસકીવાડ પે એન્ડ યુઝ થઈ માલી ફળીયા થઈ મસ્કતિ હોસ્પિટલ થઈ રાજમાર્ગ ટાવર રોડ થઈ બેગમપુરા મોતીટોકીઝ રોડ થઈ ફાલસાવાડી મેઈનરોડ થઈ ઝાંપાબજાર મેઈનરોડ થઈ નિર્વાણ અખાડા રોડ થઈ એન.ટી.એમ. માર્કેટ થઈ મુગવાન ટેકરા થઈ બેગમપુરા મેઈનરોડ થઈ સલાબતપુરા પોલીસ સ્ટેશન સર્કલ થઈ હલવાવાલા સર્કલ થઈ નિશીત કન્ઝયુમર સ્ટોર્સ થઈ કષ્ટભંજન હનુમાન મંદિર રોડ થઈ હજરત અકબર શહીદ રોડ થઈ રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ થી સગરામપુરા પુતળી સર્કલ થી નવસારી બજાર ચારરસ્તાની વચ્ચેના વિસ્તાર | (૧)પી.આર.ઓ./૧૮, તા.૧૪.૦૪.૨૦૨૦ |
| | | ઝાંપાબજાર વિસ્તાર | (૧)પી.આર.ઓ./૦૬, તા.૦૫.૦૪.૨૦૨૦ (૨)પી.આર.ઓ./૧૫, તા.૧૩.૦૪.૨૦૨૦ |
| | | સલાબતપુરા, બેગમપુરા, મહિધરપુરા, કાંસકીવાડ, | (૧)પી.આર.ઓ./૨૫, તા.૧૬.૦૪.૨૦૨૦ |
| | ૨ | સૈયદપુરા પંપીંગ સ્ટેશન થી સૈયદપુરા ખાડી શેરી ઉભા રોડ થી લીમડા શેરી થઈ રામપુરા પેટ્રોલ પંપ થી રામપુરા મેઈનરોડ થી ડાબે લાલમીયા મસ્જીદ રોડ થી મશાલચીવાડ થી ડાબે ટર્ન લઈ સુરત હેલ્થ કેર ફાઉન્ડેશન બેંક થી સૈયદપુરા મેઈનરોડ થી ડાબે ટર્ન લઈ સૈયદપુરા પંપીંગ સ્ટેશન સુધીના વિસ્તાર | (૧)પી.આર.ઓ./૧૮, તા.૧૪.૦૪.૨૦૨૦ |
| | | સૈયદપુરા, નાણાવટ, શાહપોર | (૧)પી.આર.ઓ./૨૫, તા.૧૬.૦૪.૨૦૨૦ |
| | ૩ | મુગલીસરા મેઈનરોડ સીપ એસન્સ રોડના બાજુના રસ્તે થી રીવર ફ્ન્ટ રોડ થઈ જીલાની બ્રીજની નીચેથી જમણે હાથે ટર્ન લઈ ધાસ્તીપુરા યાદગાર ચીકન સેન્ટર થી ધાસ્તીપુરા એસ.એમ.સી. ઓફીસ થી વરીયાવી બજાર પોલીસ સ્ટેશન થઈ સીપ એસન્સ સ્ટોર્સ સુધીના વિસ્તાર | (૧)પી.આર.ઓ./૧૮, તા.૧૪.૦૪.૨૦૨૦ |
| | ૪ | નાનપુરા LIC ક્વાટર્સ થી કાદરશાની નાળ સર્કલ થી સીમ્ગા સ્કુલ રોડ થી ક્ષેત્રપાલ મંદિર રોડ થી મોલવી સ્ટ્રીટ થી રાજેશ્રી ટોકીઝ રોડ થી નવસારી બજાર પોલીસ સ્ટેશન થી ન્યુ ખ્વાજાદાના રોડ થી ખંડેરાવપુરા રોડ થી એકતા સર્કલ થી નાનપુરા LIC ક્વાટર્સ સુધીના વિસ્તાર | (૧)પી.આર.ઓ./૨૧, તા.૧૪.૦૪.૨૦૨૦ |
| | | ચૌટાબજાર જમનાદાસ ધારીવાલા થી લાલગેટ થી ભાગળ ચાર રસ્તા થી ડાબી બાજુ ભાવનગરી શેરી રોડ થી બી.પી. હેલ્થ સેન્ટર રોડ થી તક્ષશીલા એપાર્ટમેન્ટની બાજુમાં થી ચૌટાબજાર સાઈબાબા મંદિર થી ચૌટાબજાર જમનાદાસ ધારીવાલા સુધીના વિસ્તાર | (૧)પી.આર.ઓ./૨૧, તા.૧૪.૦૪.૨૦૨૦ |
| | | સગરામપુરા, નાનપુરા, ગોપીપુરા, વાડી ફળિયા, સોનીફળિયા | (૧)પી.આર.ઓ./૨૫, તા.૧૬.૦૪.૨૦૨૦ |

જનસંપર્ક વિભાગ　　સુરત મહાનગરપાલિકા તરફથી　　સાદર સમાચાર યાદી નં.૧૨૯　　તા.૧૯/૦૫/૨૦૨૦

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૦/૦૫/૨૦૨૦નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેર વિસ્તારમાં આવેલ કુલ–૧૪૬ ખાધ્ય સંસ્થાઓની સ્થળ તપાસ કરી નીચે જણાવેલ કુલ–૪૬ સંસ્થામાંથી કુલ–૨૪૧૩ કિલો મિઠાઈઓ, માવા, ફરસાણ, તથા બેકરી વિગેરે જેવા અખાધ્ય પદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ તા.૧૯/૦૫/૨૦૨૦ અને તા.૨૦/૦૫/૨૦૨૦ના રોજ કુલ–૪૫૦૨ કિલો મિઠાઈઓ, માવા, ફરસાણ, તથા બેકરી વિગેરે જેવા અખાધ્ય પદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ |
|---|---|---|
| ૧. | બાપા સીતારામ ડેરી એન્ડ સ્વીટસ | ધ્રુવતારક સોસા., વેડ રોડ, સુરત |
| ૨. | શ્યામકૃપા સ્વીટ એન્ડ ફરસાણ | વસુધરા કોમ્પલેક્ષ, કતારગામ, સુરત |
| ૩. | સાપરાના સ્પે. પેંડા | વસુધરા કોમ્પલેક્ષ, કતારગામ, સુરત |
| ૪. | શ્રી લક્ષ્મી સન્સ એજન્સી | કતારગામ, સુરત |
| ૫. | સાલાસર બાલાજી આઈસક્રીમ પાર્લર | ગિરધારીલાલ જીવણદાસ, પુણાગામ, સુરત |
| ૬. | જોગમાયા ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ | ભૈયાનગર, પુણાગામ, સુરત |
| ૭. | ક્રિષ્ણા આઈસક્રીમ પાર્લર | સિલ્વરનેસ્ટ ચોક, વરાછા, સુરત |
| ૮. | શ્રી નટરાજ આઈસક્રીમ પાર્લર | સિલ્વરનેસ્ટ ચોક, વરાછા, સુરત |
| ૯. | અવધ ડેરી ફાર્મ | બાપાસીતારામ ચોક, પુણા સીમાડા, સુરત |
| ૧૦. | શ્રીજી બેકરી લાઈવ કેક શોપ | શ્યામધામ, યોગીચોક, સુરત |
| ૧૧. | ન્યુ જનતા આઈસક્રીમ | એલ.એચ. રોડ, વરાછા, સુરત |
| ૧૨. | આદર્શ ડેરી એન્ડ સ્વીટસ | ખોડીયાર નગર, વરાછા, સુરત |
| ૧૩. | શ્રી શકિત ફરસાણ માર્ટ | ખોડીયાર નગર, વરાછા, સુરત |
| ૧૪. | કિશાન સીગદાણા | ખોડીયાર નગર, વરાછા, સુરત |
| ૧૫. | અનિલ પ્રોવિઝન સ્ટોર્સ એન્ડ કેટરર્સ | પંચરત્ન ટાવર, સુરત |
| ૧૬. | ઉમિયા સ્વીટ એન્ડ નમકીન | અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત |
| ૧૭. | રાધેશ્યામ ડેરી એન્ડ સ્વીટસ | અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત |
| ૧૮. | શ્યામ રંગીલા | અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત |
| ૧૯. | ભેરૂનાથ સુપર સ્ટોર્સ | અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત |
| ૨૦. | માખણભોગ (ફેકટરી) | શ્રી રામ મારબલ, અલથાણ, સુરત |
| ૨૧. | લલ્લુભાઈ ભુલાભાઈ ભજીયાવાલા | ઋષભ ટાવર, અડાજ, રોડ, સુરત |
| ૨૨. | ધરતી ફુડ પ્રોડકટસ પ્રા.લી. | ગ્રીન એટ્રીયા, આનંદ મહલ રોડ, સુરત |
| ૨૩. | મહાલક્ષ્મી ફરસાણ | રોયલ રેસીડેન્સી, આનંદ મહલ રોડ, સુરત |
| ૨૪. | પટેલ ડેરી એન્ડ સ્વીટસ | કલાસીક પ્રોઈન્ટ, આનંદ મહલ રોડ, સુરત |
| ૨૫. | શુભમ નમકીન | કલાસીક પ્રોઈન્ટ, આનંદ મહલ રોડ, સુરત |
| ૨૬. | દાસકાકા નમકીન | સીતારામ નગર, હનીપાર્ક, સુરત |

| | | |
|---|---|---|
| ૨૭. | પટેલ ડેરી એન્ડ સ્વીટસ | દીનદયાલ સોસા., પાલનપુર જકાતનાકા, સુરત |
| ૨૮. | શ્રી લક્ષ્મી ડેરી એન્ડ સ્વીટસ | મહાવીર નગર, પાલનપુર પાટીયા, સુરત |
| ૨૯. | રાજુચાચા વડાપાઉં | પ્રાઈમ આર્કેટ સામે, અડાજણ, સુરત |
| ૩૦. | મનમોહક સ્વીટ | સંદર નગર, ભેસ્તાન, સુરત |
| ૩૧. | કનૈયા ડેરી એન્ડ સ્વીટસ | શ્રી જય લક્ષ્મી કોમ્પ., ભેસ્તાન, સુરત |
| ૩૨. | સંગીતા બેકરી | ભેસ્તાન ચાર રસ્તા, સુરત |
| ૩૩. | કનૈયા ડેરી | ભેસ્તાન ચાર રસ્તા, સુરત |
| ૩૪. | એન.વી. સન્સ | પટેલ ફળીયુ, ભેસ્તાન, સુરત |
| ૩૫. | એસ. કે. નમકીન | પટેલ ફળીયુ, ભેસ્તાન, સુરત |
| ૩૬. | ફેન્સી બેકરી | ઉન જકાતનાકા, ભેસતાન, સુરત |
| ૩૭. | રીયાઝ સ્ટોર્સ | તિરૂપતી નગર, ઉન, સુરત |
| ૩૮. | ફિરોઝ સ્ટોર્સ | તિરૂપતી નગર, ઉન, સુરત |
| ૩૯. | સાહીલ બેકરી | ઉન પાટીયા, સુરત નવસારી રોડ, સુરત |
| ૪૦. | સાહીલ બેકરી | ઉન પાટીયા, સુરત |
| ૪૧. | જે.પી. બેકરી | ભેસ્તાન ચારરસ્તા, સુરત |
| ૪૨. | જોષી ફરસાણ માર્ટ | ભાગળ ચાર રસ્તા, સુરત |
| ૪૩. | રામજી દામોદર ફરસાણ | ભાગળ ચાર રસ્તા, સુરત |
| ૪૪. | સુબોધ બેકરી સ્વીટ એન્ડ સ્નેકસ | ટીમલીયાવાડ, નાનપુરા, સુરત |
| ૪૫. | ઉત્સવ બેકરી | હરીપુરા, ભાગળ ચાર રસ્તા, સુરત |
| ૪૬. | વિશાલ આકાશ ઘી સેન્ટર | સુખડીયા શેરી, હરીપુરા, સુરત |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.....૧૩૦.........

તા.૨૦/૦૫/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા લોકડાઉન ૪.૦માં આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે વ્યાપાર ઉદ્યોગોને કેટલીક છૂટછાટ સહિત વ્યાપાર ઉદ્યોગ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

હાલમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે "આરોગ્ય સેતુ" એપ બનાવવામાં આવી છે. આ એપ એક એવુ સુરક્ષા કવચ છે કે, જો કોરોનાગ્રસ્ત વ્યકિત તમારી નજીક પણ આવશે તો તરત જ તમારા મોબાઈલમાં બીપ–બીપ અવાજ આવશે અને તમને સચેત કરી દેશે જેથી કોરોના વાયરસના સંક્રમણથી આપ બચી શકશો. "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરી એમાં તમારે પ્રશ્નોના જવાબ આપવાના રહેશ. જેથી એ તમને સચોટ માર્ગદર્શન આપશે. કોરોના વાયરસના લક્ષણો ૮૦% લોકોમાં જોવા મળતા નથી. ફકત ૨૦% લોકોમાં જ એના લક્ષણો જોવા મળે છે. જેથી આપણે કોઈ કોરોના પોઝીટીવ વ્યકિતના સંપર્કમાં છીએ કે કેમ તે જાણી શકાતુ નથી. કોરોના વાયરસ અત્યંત જીવલેણ અને અદશ્ય ચેપી રોગ છે.

**આજ દિન સુધીમાં સુરત જિલ્લામાં કુલ ૧૧,૪૭,૬૨૬ "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરવામાં આવી છે.**

હાલમાં સુરત શહેરમાં દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ શરૂ કરવામાં આવેલ છે. એ તમામને "આરોગ્ય સેતુ" એપ ફરજીયાતપણે ડાઉનલોડ કરવાની રહેશે. આગામી દિવસોમાં દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસમાં તમામ કામદારોએ તથા તેમની આજુબાજુના તમામ લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરેલ છે કે નહી? તેની ચકાસણી હાથ ધરવામાં આવશે. હાલના તબકકે કોવિડ–૧૯ સંબધિત માહિતી માટે "આરોગ્ય સેતુ" એપ ડાઉનોડ કરવી એ જ સૌથી શ્રેષ્ઠ વિકલ્પ છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ૯૩૯
તા.૨૦/૦૫/૨૦૨૦

132

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૧/૦૫/૨૦૨૦નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેર વિસ્તારમાં આવેલ કુલ–૮૩ ખાધ્ય સંસ્થાઓની સ્થળ તપાસ કરી નીચે જણાવેલ કુલ–૩૨ સંસ્થામાંથી કુલ–૧૨૪૦ કિલો મિઠાઈઓ, માવા, ફરસાણ, તથા બેકરી વિગેરે જેવા અખાધ્ય પદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ તા.૧૯/૦૫/૨૦૨૦, તા.૨૦/૦૫/૨૦૨૦ અને તા.૨૧/૦૫/૨૦૨૦ના રોજ કુલ–૫૭૪૨ કિલો મિઠાઈઓ, માવા, ફરસાણ, તથા બેકરી વિગેરે જેવા અખાધ્ય પદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ |
|---|---|---|
| ૧. | ન્યુ અમદાવાદી બેકરી | ફટાકડાવાડી, વેડરોડ, સુરત |
| ૨. | ઈશ્વરકૃપા ફરસાણ | વેડ રોડ, સુરત |
| ૩. | ભરકાદેવી આઈસ્ક્રીમ | વાસ્તુકલા એપા, વેડરોડ, સુરત |
| ૪. | મહેશ આઈસ્ક્રીમ | ત્રિવેણી સોસા. વેડ રોડ, સુરત |
| ૫. | સીયારામ ડેરી એન્ડ અમુલ પાર્લર | અભીષેક આર્કેડ, યોગીચોક,વરાછા,સુરત |
| ૬. | શ્રીજી પ્રગતી | પાણીની ભીત, ભાગાતળાવ,સુરત |
| ૭. | ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ | પાણીની ભીત, ભાગાતળાવ,સુરત |
| ૮. | મહેશ એન્ટરપ્રાઈઝ | પાણીની ભીત, ભાગાતળાવ,સુરત |
| ૯. | પ્રકાશ બેકરી | કાદરશાની નાળ પાસે, રૂદરપુરા, સુરત |
| ૧૦. | પ્રેમ ખમણ હાઉસ | અડાજણ ચાર રસ્તા, સુરત |
| ૧૧. | દિવ્યા શક્તિ ટ્રેડર્સ | ગાયત્રી પાર્ક સોસા. અડાજણ, સુરત |
| ૧૨. | શક્તિ ફરસાણ | ગાયત્રી પાર્ક સોસા. અડાજણ, સુરત |
| ૧૩. | શ્રી વલ્લભ સેલ્સ એજન્સી | પ્લોટ નં.૫૯૯, જુના અડાજણ રોડ, સુરત |
| ૧૪. | શ્રી ક્રિષ્ણા એજન્સી | પ્લોટ નં.૫૯૯, જુના અડાજણ રોડ, સુરત |
| ૧૫. | જય અંબે ફરસાણ માર્ટ | મયુર એપાર્ટ, અડાજણ રોડ, સુરત |
| ૧૬. | ન્યુ જનતા આઈસ્ક્રીમ કોર્નર | ૪,આરૂરાનગર, અડાજણ ચાર રસ્તા, સુરત |
| ૧૭. | રઘુવીર બેકરી એન્ડ આઈસ્ક્રીમ | ગોવિંદજી પાર્ક, ઉમરા, સુરત |
| ૧૮. | યુક્ત ડેરી | ગોવિંદજી પાર્ક, ઉમરા, સુરત |
| ૧૯. | શ્રીનાથજી ફરસાણ | ગોવિંદજી પાર્ક, ઉમરા, સુરત |
| ૨૦. | શ્રી ગણેશ ટ્રેડર્સ | ગોવિંદજી પાર્ક, ઉમરા, સુરત |
| ૨૧. | માનવ જનરલ સ્ટોર્સ | ગોવિંદજી પાર્ક, ઉમરા, સુરત |
| ૨૨. | મહાલક્ષ્મી ટ્રેડર્સ | ઉમરા, સુરત |
| ૨૩. | અતુલ બેકરી | પીપલોદ, સુરત |
| ૨૪. | વેલકમ પાન એન્ડ કોલ્ડ્રીક્સ | આશિર્વાદ ટાઉનશીપ, બમરોલી, સુરત |
| ૨૫. | શ્રી અંબિકા બેકરી | આશિર્વાદ ટાઉનશીપ, બમરોલી, સુરત |
| ૨૬. | જંકશન બેકરી | આશિર્વાદ ટાઉનશીપ, બમરોલી, સુરત |
| ૨૭. | અમૂલ પાર્લર | આશિર્વાદ ટાઉનશીપ, બમરોલી, સુરત |
| ૨૮. | શિવાંશ સેલ્સ એજન્સી | આશિર્વાદ ટાઉનશીપ, બમરોલી, સુરત |
| ૨૯. | ચામુંડા ટી એન્ડ સોડા શોપ | જલારામ નગર, પાંડેસરા, સુરત |
| ૩૦. | મનોજ ટ્રેડીગ | જલારામ નગર, પાંડેસરા, સુરત |
| ૩૧. | મમતા બેકરી | હીરાનગર, બમરોલી રોડ, પાંડેસરા, સુરત |
| ૩૨. | પ્રિન્સ કિરાણા એન્ડ ડેરી | મુક્તિ નગર, પાંડેસરા, સુરત |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં......૧૩૨........
તા.૨૧/૦૫/૨૦૨૦

133

## –:: પ્રેસનોટ ::–

**તા.૨૧/૦૫/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

**મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાવતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.**

- **અઠવાઝોન**

૧) અલથાણ હેલ્થ સેન્ટર ૨) પનાસ હેલ્થ સેન્ટર ૩) ઉમરા હેલ્થ સેન્ટર ૪) વેસું હેલ્થ સેન્ટર ૫) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૧૯ આઈસોલેશન વોડ ૬) પીજી હોસ્ટેલ ૭) ગર્લ્સ હોસ્ટેલ ૮) સમરસ હોસ્ટેલ ૯) સંગીની રેસીડન્સી ૧૦) સુમન શ્વેત આવાસ ૧૧) ટ્રાઈસ્ટાર હોસ્પિટલ

- **સેન્ટ્રલ ઝોન**

૧) ખંગાડ શેરી ૨) સલાબતપુરા મેઈન રોડ ૩) સિદિકી શેરી ૪) રૂદરપુરા, પરબિયા શેરી ૫) સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન ૬) સુરત રેલ્વે સ્ટેશન ૭) મોમનવાડ, ગોપીપુરા ૮) મહાવીર એપાર્ટમેન્ટ, ગોપીપુરા ૯) બેગમપુરા ૧૦)

- **રાંદેરઝોન**

૧) કેપીટલ કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ ૨) આયેશા ટાવર , અડાજણ ૩) પ્રવેગ રો હાઉસ ૪) સનસીટી રો હાઉસ, એલ પી સવાણી ચોક ની પાસે ૫) એકતાનગર, એલ પી સવાણી રોડ ૬) ઈ ડ બલ્યુઆવાસ સરસ્વતી સ્કુલ ૭) અમીધારાવાડી ૮) પાલ હેલ્થ સેન્ટર

- **કતારગામ ઝોન**

૧) રઘુવીર સોસાયટી ૨) રહેમતનગર ૩) સીતારામ એપાર્ટમેન્ટ ૪) શિવછાયા સોસાયટી, વેડ રોડ ૫) કોસાડ આવાસ ૬) અશ્વિનીકુમાર સ્મશાનભુમી

- **લીમ્બાયત ઝોન**

૧) આઝાદ ચોક ૨) પદમાવતીનગર ૩) શાહપુરા ૪) સંજયનગર ૫) આસ્તિકનગર ૬) ગોડાદરા વિસ્તાર ૭) ડીકે.નગર ૮) કેશવનગર ૯) ગણેશનગર ૧૦) આસ્થા રો હાઉસ ૧૧) બાલાજીનગર ઝુપડપટ્ટી ૧૨) મહારાણા પ્રતાપ ચોક ૧૩) આહિરભવ ૧૪) ગાંધી કુટીર ૧૫) શ્રી રામનગર ૧૬) રૂસ્તમપાર્ક ૧૭) મારૂતીનગર ૧૮) લિંબાયત પોલીસ સ્ટેશન ૧૯) નિલકંઠનગર ૨૦) બજરંગનગર ૨૧) ગોકુલનગર ૨૨) મિલેનીયમ માર્કેટ પાસે ૨૩) કમરૂનગર,મીઠીખાડી ૨૪) શિવકૃપા સોસાયટી ૨૫) રંગ અવધુત સોસાયટી, ૨૬) નવાગામ ડીંડોલી મેઈન રોડ, ૨૭) શિવાજીનગર, ગોડાદરા ૨૮) મહારાણા પ્રતાપનગર, ગોડાદરા ૨૯) ખોડીયારનગર, પરવતપાટીયા ૩૦) વ્રજભૂમી , માધવબાગ સોસાયટી ૩૧)નુરાની મસ્જિદ ૩૨) મીઠી ખાડી ૩૩) ઈસ્લામીક ચોક ૩૪)મીઠી કોલોની ૩૫)શોએબનગર –એ ૩૬) શોએબનયર –બી ૩૭)અનુકુળનગર ૩૮) સકેદઆલ ૩૯) ચંદ્રલોક સોસીયટી ૪૦) રિધીનગર નિલકંઠનગર, નવાગામ ,ડીંડોલી ૪૧) ત્રિકમનગર ૪૨) રંગીલાનગર ૪૩)ગોડાદરાવિસ્તાર ,૪૪) દેવધગામ હળપતીવાસ ૪૫) રાજીવનગર ઝુપડપટ્ટી ૪૬)સંતોષનગર , પર્વતગામ

- **વરાછા ઝોન–એ**

૧) મીરાનગર સોસાયટી ૨) એકતાનગર સોસીયટી ૩) બજરંગ એપાર્ટમેન્ટ ૪) અશ્વિન સોસાયટી– ૩ ૫) કુલપાડા હેલ્થ સેન્ટર ૬) કુલપાડાહેલ્થ સેન્ટર ૭) રતનજીપાર્ક મેઈન રોડ ૮) અટલજીનગર ૯) રામદેવનગર ૧૦) સપના સોસાયટી ૧૧) પુણાગામ ૧૨) અશોકનગર ૧૩) ભીકતનગર સોસાયટી ૧૪) બજરંગ એપાર્ટમેન્ટ ૧૫) સરવનપાર્ક ૧૬) વસંત બીકાનેવાલી ૧૭) મારૂતી કોમ્પલેક્ષ ૧૮) જાડા બકાનો ટેકરો ૧૯) દીનબંધુનગર

- **વરાછા ઝોન–બી**

૧) તુલસી દર્શન વિભાગ – ૧ ૨) તુલસી દર્શન વિભાગ – ૨ ૩) અક્ષરધામ સોસાયટી ૪) શિવધ્યાઝા ૫) સિધ્ધી વિનાયક રેસીડન્સી ૬) યોગી ચોક થી સાવલિયા સર્કલ સુધીનો મેઈન રોડ ૭) સરથાણા યુનિટ ૮) રણછોડનગર ૯) એન.સી.ઠાકર સ્કૂલ ૧૦) જીવનદીપ સોસાયટી ૧૧) સી એસ પાર્ક ૧૨) હસ્તીનાપુર સોસાયટી શેરી ૧ થી ૫ ૧૩)હીસ્તનાપુર સોસાયટી, પુનાગામ ૧૪)

- **ઉધનાઝોન**

૧) મહાદેવનગર ૨) ગોકુલનગર ૩) તડકેશ્વરનગર ૪) પટેલનગર ૫) હેગડેવાડ ૬) ઉમિયાનગર ૭) છત્રપતિ શિવાજીનગર ૦૮) બમરોલી પાંડેસરા રોડ ૯) સંજયનગર ૧૦) રોડ નં.૦ ૧૧) ભીમનગર ૧૨) હરીનગર,અરિહંત કોમ્પલેક્ષ

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ ક્વોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...
સમાચાર યાદી નંબર..............................તા.૨૧/૦૫/૨૦૨૦

Scanned by TapScanner

# સુરત મહાનગરપાલિકા

**<u>પ્રેસનોટ (COVID-19)</u>**

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા લોકડાઉન ૪.૦માં આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે વ્યાપાર ઉદ્યોગોને કેટલીક છૂટછાટ સહિત વ્યાપાર ઉદ્યોગ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. હાલમાં સુરત શહેરમાં દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત જે કોઈ વ્યકિત પોતે કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા હોય અને તેમની દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ નોન–કન્ટેઈનમેન્ટ ઝોનમાં હશે તો પણ તેઓ પોતાની દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ શરૂ કરી શકશે નહી કારણકે કોરોના વાયરસના વધુ પોઝિટીવ કેસો હોય તેવા વિસ્તારને સુરત મહાનગરપાલિકા દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં સંક્રમણનું વધુ પ્રમાણ હોવાથી તે વિસ્તારના વ્યકિતઓ જો નોન–કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં પ્રવેશે તો ત્યાં પણ કોરોના વાયરસના સંક્રમણ થવાની શકયતા રહેલી છે. તેમજ નોન–કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા વ્યકિતઓ દ્વારા શરૂ કરવામાં આવેલ દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ પોતાની દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસની બહાર સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે ગ્રાહકોને ઉભા રહેવા માટેના સર્કલ બનાવવાના રહેશે તેમજ માસ્ક પહેરવાનું અને વારંવાર હેન્ડ હાઈજીનનું ધ્યાન રાખવાનું રહેશે અને જો આ બધી બાબતોનું પાલન નહી કરવામાં આવે તો દંડની કાર્યવાહી કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૧૩૪
તા.૨૧/૦૫/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

હાલમાં કોરોના વાયરસનું સંક્રમણ પ્રસરી રહયું છે અને બીજી તરફ ઉનાળાની ગરમીનું પ્રમાણ વધી રહયુ છે. આ ઉનાળાની અસહ્ય ગરમીના કારણે તમામ વ્યકિતઓના આરોગ્ય પર વિપરીત અસરો પડી શકે છે. વધુ પડતી ગરમી વ્યકિતઓના આરોગ્યને હાનિકારક છે. શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જાય છે એટલે કે ડિહાઈડ્રેશન થાય છે. વયસ્ક નાગરિકોમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી ફેલાય રહયું છે. જેથી તેઓએ અને અન્ય તમામ લોકોએ તકેદારી રાખવાની જરૂર છે.

વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખૂબ વધારે થાય છે જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી જે વ્યકિતના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે. આ અસરોમાં,

- શરીર અને હાથ પગમાં અસહ્ય દુ:ખાવો.
- ખુબ તરસ લાગવી.
- ગભરામણ થવી.
- ચકકર આવવા.
- શ્વાસ ચઢવો.
- હૃદયના ધબકારા વધી જવા વગેરે હોય છે.

**સન સ્ટ્રોક (લુ)થી અને ડિહાઈડ્રેશનથી બચવા**
**જાહેરજનતાએ નીચે મુજબની સુચનાઓ અનુસરવી.**

- ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું.
- **Oral Rehydration Solution(ORS)** નું સેવન કરવું.
- ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ.
- નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો તથા અશકત વ્યકિતઓએ તડકામાં ફરવું નહી.
- દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું, શકય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ.
- ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણાયે અવાર–નવાર ભીના કપડાથી શરીર લુછવું.
- ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું.
- માથાનો દુ:ખાવો, બેચેની, ચકકર, ઉબકા કે તાવ આવે તો તુર્ત જ નજીકના દવાખાના / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોકટરની સલાહ અને સારવાર લેવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં..૬૩૫
તા.૨૧/૦૫/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ (COVID-19)</u>

નોવેલ કોરોના વાયરસની વૈશ્વિક મહામારી અંતર્ગત શહેર વિસ્તારમાં 'COVID-19' સંદર્ભે તેના ફેલાવા અંગેના અટકાયતી / તકેદારીનાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉનનાં સમયગાળા દરમિયાન જાહેર રજાના દિવસો સહિત ચાલુ રાખવામાં આવેલ હતી. હાલમાં રાજય સરકાર ધ્વારા લોકડાઉન સંદર્ભેની કરવામાં આવેલ જાહેરાત તથા તે અનુસંધાને આગામી તા.૨૩/૦૫/૨૦૨૦ના (ચોથા શનિવાર)ના રોજ મહાનગરપાલિકાની તમામ કચેરીઓ ચાલુ રાખવા તથા તા.૨૪/૦૫/૨૦૨૦ના (રવિવાર) તથા ૨૫/૦૫/૨૦૨૦ની (રમઝાન ઈદ) ની જાહેર રજાના દિવસે ઝોન / વિભાગમાં COVID-19 ની તેમજ પ્રિ–મોન્સુનની કામગીરી સાથે સીધા સંકળાયેલા છે તેવા અધિકારી / કર્મચારીઓને ફરજ પર હાજર રાખવા તમામ ઝોનલ ચીફશ્રી / વિભાગીય વડાશ્રીઓને જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ...૨૩૯
તા.૨૨/૦૫/૨૦૨૦

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૫/૨૦૨૦નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા સુરત શહેર વિસ્તારમાં આવેલ કુલ–૭૭ ખાધ્ય સંસ્થાઓની સ્થળ તપાસ કરી નીચે જણાવેલ કુલ–૩૨ સંસ્થામાંથી કુલ–૧૩૭૪ કિલો મિઠાઈઓ, માવા, ફરસાણ, તથા બેકરી વિગેરે જેવા અખાધ્ય પદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ તા.૧૯/૦૫/૨૦૨૦, તા.૨૦/૦૫/૨૦૨૦, તા.૨૧/૦૫/૨૦૨૦ અને તા.૨૨/૦૫/૨૦૨૦ના રોજ મળીને કુલ–૬૪૧૬ કિલો મિઠાઈઓ, માવા, ફરસાણ, તથા બેકરી વિગેરે જેવા અખાધ્ય પદાર્થોનો નાશ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ |
|---|---|---|
| ૧. | હલવાવાલા સ્વીટસ એન્ડ સ્નેક્સ | સલાબતપુરા, સુરત |
| ૨. | મધુરમ બેકર્સ | સલાબતપુરા, સુરત |
| ૩. | જય અંબે બેકરી | સલાબતપુરા, સુરત |
| ૪. | જય અંબે વેફર્સ એન્ડ ફરસાણ | સલાબતપુરા, સુરત |
| ૫. | વૈશાલી વેલકમ ફરસાણ | બરાનપુરી, ભાગળ ચાર રસ્તા, સુરત |
| ૬. | દવે દાદા એન્ડ સન્સ | ક્રિષ્ણા પાર્ક સોસા., સરથાણા જકાતનાકા, સુરત |
| ૭. | રિલાયન્સ સુપર માર્કેટ | વેસુ ચાર રસ્તા, સુરત |
| ૮. | હરી ઓમ આઈસક્રીમ | પુજા અભિષેક એપાર્ટ., વેસુ, સુરત |
| ૯. | હરી ઓમ પ્રોવિઝન સ્ટોર્સ | પુજા અભિષેક એપાર્ટ., વેસુ, સુરત |
| ૧૦. | શ્રી મહાકાળી સુપર સ્ટોર્સ | પુજા અભિષેક એપાર્ટ., વેસુ, સુરત |
| ૧૧. | જોલીટી બેકરી | વૈશાલી સીનેમા, વરાછા રોડ, સુરત |
| ૧૨. | શીતલ બેકરી | વૈશાલી સીનેમા, વરાછા રોડ, સુરત |
| ૧૩. | રાજભોગ આઈસક્રીમ પાર્લર | અંકુર શોપીંગ સેન્ટર, અડાજણ, સુરત |
| ૧૪. | રમ સ્વીટસ | પુષ્પાનગર સોસા., અડાજણ, સુરત |
| ૧૫. | સુમન મહિલા ગૃહ ઉધોગ | શાંતિભવન એપાર્ટ., નવયુગ કોલેજની પાછળ, સુરત |
| ૧૬. | શ્રી જનતા આઈસક્રીમ | જી–૨૧૦, પ્રાઈમ આર્કેડ, આનંદ મહલ રોડ, સુરત |
| ૧૭. | શ્રી જનતા આઈસક્રીમ | જી–૨૫૧, પ્રાઈમ આર્કેડ, આનંદ મહલ રોડ, સુરત |
| ૧૮. | બાબા સાંઈ બેકરી | સાંઈ સ્કવેર કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ, સુરત |
| ૧૯. | ધ જનતા આઈસક્રીમ | સાંઈ સ્કવેર કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ, સુરત |
| ૨૦. | કનૈયા ડેરી ફાર્મ આઈસક્રીમ | મીરાં નગર, ઉધના, સુરત |
| ૨૧. | સુપર સ્ટાર ડેરી એન્ડ બેકરી | હરીના નગર, ઝોન ઓફીસ રોડ, ઉધના, સુરત |
| ૨૨. | આદર્શ ડેરી | શાંતીનગર, ઉધના, સુરત |
| ૨૩. | જય અંબે કરીયાણા | આશા નગર, ઉધના, સુરત |
| ૨૪. | સુપર સ્ટાર બેકરી | આશા નગર, ઉધના, સુરત |
| ૨૫. | ન્યુ જનતા ડેરી | આશા નગર, ઉધના, સુરત |
| ૨૬. | ગણેશ કરીયાણા સ્ટોર્સ | આશા નગર, ઉધના, સુરત |
| ૨૭. | બજરંગ ડેરી | હરીનગર–૩, ઉધના, સુરત |
| ૨૮. | જય ભેરૂનાથ કરીયાણા સ્ટોર્સ | હરીનગર–૩, ઉધના, સુરત |
| ૨૯. | ઓમ બજરંગ ડેરી એન્ડ સ્વીટ | હરીનગર–૩, ઉધના, સુરત |
| ૩૦. | છપ્પનભોગ ફરસાણ એન્ડ સ્વીટ | ડેરી ફળીયું, કતારગામ, સુરત |
| ૩૧. | મહાલક્ષ્મી ડેરી એન્ડ સ્વીટ | પટેલ ફળીયું, કતારગામ, સુરત |
| ૩૨. | જય સાંઈનાથ વેફર્સ એન્ડ નમકીન | ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં...૬૩૭...........

તા.૨૨/૦૫/૨૦૨૦

## સુરત મહાનગરપાલિકા

### પ્રેસનોટ

વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૨૨/૦૫/૨૦૨૦ ને શુક્રવારના રોજ સવારે ૧૧ – ૩૦ કલાકે, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે તથા તમામ ઝોન ખાતે સ્વૈચ્છિક સંસ્થાઓને હાજર રાખી સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં કોવિડ–૧૯ વાયરસના કારણે સોશ્યલ ડીસ્ટસીગ જળવાય રહે તે હેતુસર વિડીયો કોન્ફરન્સ ધ્વારા મીટીગનું આયોજન કરવામાં આવેલ હતું, જે મીટીગમાં માન.મેયરશ્રી, માન. ડે.મેયરશ્રી, માન.કમિશનરશ્રી, માન.ડે.કમિશનરશ્રી(હે એન્ડ હો), ઈ.ચા.સીટી ઈજનેરશ્રી, આસી. કમિશનરશ્રી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(HQ), સ્વેચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

મીટીગના આરંભે ઈ.ચા. સીટી ઈજનેર, શ્રી જે.એમ. દેસાઈ ધ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારી મીટીગના આયોજનની રૂપરેખા આપતા જણાવ્યું કે, આપત્તિ સમયે મોટાપાયા પર અસર થાય ત્યારે નાગરિકો – સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સુનિયોજીત કામગીરી થાય, સ્વૈચ્છિક સંસ્થા સાથે સંકલન કરવા અર્થે દરેક ઝોન કક્ષાએ પણ બેઠકો થાય છે. પ્રતિવર્ષ સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મળે છે, તેમ આ વર્ષે પણ સહકાર મળી રહે તે હેતુસર શહેર કક્ષાની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે, આ વર્ષે પ્રિ–મોન્સુનની પૂર્વ તૈયારીના ભાગરૂપ પ્રેઝન્ટેશન હકારાત્મક અને શહેરને ઉપયોગી નીવડે તેવા સૂચનો આવકારવામાં આવે છે.

ઈ.ચા. સીટી ઈજનેર, શ્રી જે.એમ. દેસાઈ ધ્વારા પ્રેઝન્ટેશનની શરૂઆતમાં શહેરમાં સતત વરસાદ, ખાડીપુર, ઉકાઈ જળાશય ખાતેથી વધુ પ્રમાણમા તાપી નદીમાં પાણી છોડવામાં આવે તેવા સંજોગોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાય તેને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા ધ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવા અગાઉ સફળ રહયા હતા. ચાલુ વર્ષે પણ શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ તથા પાણીનો ભરાવોને કારણે થતી સંભવિત અસરો સંદર્ભે કલેકટર કચેરી, ઈરીગેશન વિભાગ તથા રાજય સરકારના વિભાગો સાથે કો–ઓર્ડીનેશન કરી, પ્રિપેડનેશ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. વર્ષ – ૨૦૦૬ માં શહેરમા પૂરની પરિસ્થિત ઉદભવેલ તેના અનુભવના આધારે શહેર / ઉપરવાસમાં ભારે વરસાદ પડવા તેમજ ઉકાઈ ખાતેથી તાપી નદીમાં પાણી છોડવા સંદર્ભે કલેકટર કચેરી, રાજય સરકારની કચેરી, ઉકાઈ ખાતેની કચેરીના સંકલનમાં રહી તાપી નદીમાં પાણીના ડીસ્ચાર્જ કરવા બાબતે સંકલન હોવાના કારણોસર વર્ષ–૨૦૧૯માં સીઝનનો વધુ વરસાદ તથા ઉકાઈ ખાતે પાણીનું લેવલ પણ વધુ રહેવા છતાં પાણી ડીસ્ચાર્જ સમયાંતરે કરવામાં આવતું હોવા વિગેરે સંકલનના કારણોસર શહેર પૂર જેવી આપત્તિ આવી શકેલ નહી. આમ ચાલુ વર્ષે પણ સરકારી કચેરીઓ સાથે સંકલન કરવામાં આવી રહી નિયમિત જાણકારી મળે તે મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

તમામ ઝોન લેવલે પણ સ્વૈચ્છિક સંસ્થાઓ / મ્યુનિ.સભ્યશ્રીઓ તથા ઝોન અધિકારીઓની એક સંકલન મીટીગનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આવા સંજોગોમાં મહાનગરપાલિકાના સંબંધિત અધિકારી / કર્મચારીઓની શું ભૂમિકા હશે / શું કામગીરી કરશે, તે અંગેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફ્લડ ગેટ, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીગ / મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, ઝોન કક્ષાએ ઝોન વાર / વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી / તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ / મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીતનું આયોજન / વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પ્રતિવર્ષ આવી પરિસ્થિતિને પહોંચી વળવા તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ / સરકારી વિભાગોનો સાથ–સહકાર મળી રહયો છે.

શહેરમાં આપત્તિજનક પરિસ્થિતિ સંદર્ભે નાગરીકોને જાણકારી મળી શકે તે માટેનું આયોજન તેમજ મહાનગરપાલિકા ધ્વારા ૧ લી જૂન અથવા પ્રથમ વરસાદ પડે ત્યારથી સુરત મહાનગરપાલિકા, મુખ્ય કચેરી ખાતે સેન્ટ્રલ કંટ્રોલ રૂમ તથા તમામ ઝોન ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવે છે, કલેકટર કચેરીના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ, ઈરીગેશન વિભાગ, ઉકાઈ જળાશય ખાતે ચોમાસાના આરંભ થી પૂર્ણ થાય ત્યાં સુધી કેટલા લેવલે પાણીનો સંગ્રહ રાખવામાં આવનાર છે વિગેરે વિવિધ બાબતોએ મોનીટરીગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત " પ્રિવેન્સન ઓફ એપીડેમીકસ પિપર્ડનેશ " સંદર્ભે ડે.કમિશનર, ડૉ. આશિષ નાયક ધ્વારા શહેરમાં ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિ ઉદભવે તેવા સમયે પાણીજન્ય રોગો, કિટક જન્ય રોગ, વાયરલ ફીવર, લેપ્ટો જેવાનાં અટકાયતી માટે આરોગ્ય વિભાગની પૂર્વ તૈયારીના ભાગરૂપે શહેરના હેલ્થ સેન્ટર, મોબાઈલ ટીમ ધ્વારા તાવની તપાસ, વોટર કવોલીટીના મોનીટરીગ માટે એકશન પ્લાન બનાવવામાં આવેલ છે, ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વેની કામગીરી કરવામાં આવે છે તેમજ આ પરિસ્થિતિના સમયે જરૂરીયાત મુજબ દવાઓ / જંતુનાશક દવાના સ્ટોક ઉપલબ્ધ રાખવામાં આવે છે. હાલમાં શહેરમાં કોવિડ–૧૯ વાયરસ સંદર્ભે નાગરિકોના સીસ્ટમ્સ બાબતે જરૂરી ટેસ્ટીગ કરાવવા તથા જરૂરી હોય તેવા દર્દીને સારવાર ઉપલબ્ધ કરવા અંગે હોસ્પિટલમાં સુવિધા ઉભી કરવામાં આવેલ છે, નાગરિકોને જનજાગૃતિ માટે EIC એકટીવીટી કરવામાં આવે છે. વિગેરેની માહિતીનું નિર્દેશન કરવામાં આવ્યું.

શહેરમાં આપત્તિજનક ઉભી થયેલ પરિસ્થિતિ સમયે સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા રેસ્કયુની કામગીરી, પાણી સપ્લાય, ભોજન વ્યવસ્થા, પ્રેકટીશનર મેડીકલ ટીમ વિગેરે ધ્વારા મદદરૂપ થઈ શકે, શહેરમાં ફેલાતી અફવાઓ અંગે મહાનગરપાલિકામાંથી સાચી માહિતી મેળવી લોકોને જાણકારી થવા સહયોગ આપવા જણાવવામાં આવ્યું.

